# કરાર-1

આમ તો કોઈ જ
કરાર વગરનો
ભાડુઆત છું,
– અને એટલે જ માલિક બની બેઠો છું.

પહેલા તો
ભાષા જોડેથી નામ લીધેલું
પૃથ્વી કનેથી સરનામું!
વિશ્વાસથી કોઈએ પણ
ના કર્યો કરાર.

પવન પાસેથી શ્વાસ લીધો
વાદળ પાસેથી જળ.
ને અવકાશમાંથી જે શબ્દો લીધેલા
તે તો ભૂલી જ ગયેલો
કે એ મારા નથી!
પૂર્વજોના છે!

સૂરજ જોડેથી લીધેલું અજવાળું
ક્યાં કંઈ આપવાનું હોય એનું ભાડુ?
એને તો કરોડો ભાડુઆત!

આ કરાર વગર ફાવી ગયું છે આપણને તો
કોઈને કંઈ પાછું આપવાનું જ નહીં.
એમ તો આ શરીર પણ મેં
ક્યાં સર્જ્યું છે!
લોહી, માંસ,
ધમની, શીરા
કોષેકોષને હવે ડિંગો.

માટીથી મકાન સુધી
જળથી જીવ લગી
શબ્દથી શરીર પર્યંત
કોઈને કશું પાછું આપવાનું જ નહીં!
(એ વાત પણ હવે કોઠે પડી ગઈ છે!)

● *નવનીત સમર્પણ દિપોત્સવી અંક, 2022*

## કરાર-2

કરાર એ કરાર છે
કદી જૂનો કે નવો થતો નથી.
એ તો રહે છે સનાતન
કાળકાંઠે દીવાદાંડી સમો.

કોણે કર્યો? શા માટે કર્યો?
કોની વચ્ચે થયો?
એ સઘળું ભૂંસાઈ જાય છે
રહે છે એક માત્ર કરાર.

આ કરાર તો છે
માટી અને પાણી,
તારા અને તણખલાં,
જળ અને જીવ વચ્ચેનો...

આ કરારમાં
નથી કોઈના હસ્તાક્ષર
નથી કોઈ લિપિ
નથી કોઈ સહી સિક્કા
છતાં કરાર
રહે છે સદા ઊભો,
પૂર્વજોની સાખે.

## કરાર-3

અભણ બાપદાદાઓ સમજતા
આ કરારને...
ખેડૂતો, માછીમારો વાંચી શકતા તેને,
આકાશની પાટીમાં
વાદળો સમજાવી દેતાં એમને
કરારની તમામ કલમો.

ધ્રુવનો તારો કે સપ્તર્ષિના તારકવૃંદને
જ્યારે હું દોહિત્રને બતાવું છું
ત્યારે એ સમજી જાય છે
કરારને.

જેના ચહેરા પર અનેક કરચલીઓ પડેલી
એ દાદાની પ્રત્યેક કરચલીમાં
વાંચી શકતો કરાર.
હવે કરચલીઓ પડવાની શરુ નથી થઈ
એ ચહેરો જીવંત રાખે છે
કરારનો દરેક શબ્દ...

## કરાર-4

કરાર, કોઈ છૂપો રસ્તો નથી
એ તો રાજમાર્ગ છે
આરંભ અને અંત વચ્ચેનો,
કે નથી કોઈ ગુપ્ત ખજાનાનો
એ તો બાળકની આંખ જેટલો પારદર્શક
અને તૃણાંકુરથીયે તાજો છે.
એમાં અંધારા અજવાળાની કલમો નથી
કે નથી એમાં પાપપુણ્યના સરવાળા ભાગાકાર...

એમાં નથી કોઈ ધજાનો ફફડાટ
અથવા કોઈ ઘંટનાદ.
એ નથી કોઈ માત્ર પ્રાર્થના
કે હાલરડું કે મરસિયો.

એ નથી કોઈ આકાશ કે પૃથ્વી
એ નથી પવન કે પાણી
એ તો છે એવો મૌન અવાજ
જે દરેક શ્વાસે દરેકના ઉચ્છ્વાસે
વહે છે આદિ કાળથી અનાદિ કાળ સુધી.
કરાર છે
તો છે સઘળું
અકબંધ અને ગતિશીલ...

# કરાર-5

કેમેય કરીને
ઉકેલી શકાતો નથી આ કરાર...

નિરક્ષર બા ઉકેલતી એકદમ...
એટલે જ કદાચ
દરરોજ એ તુલસીને પાણી ચડાવતી
પંખીને ચણ નાખતી
વીંછીનેય મારતી નહિ
અમને આપતાં પહેલાં
ગાયકૂતરાની રોટલી કાઢી લેતી
એની ગરીબીમાંય
કોઈ ખાલી હાથે જતું નહિ...
એ સાદીસીધી એક જ વાત કહેતી
‘આપણા એકલાનું થોડું છે?’

દુઃખના ડુંગર તૂટી પડતા ત્યારે
એકદમ અડગ રહેતી
એ જાણે જાણી ગયેલી કરારની દરેક કલમ
આસ્થાથી વિશેષ એ
કંઈ ધરાવતી શું એ ખબર નથી
કદાચ એને ખબર હતી
સાચા કરાર વિશે!

# કરાર-6

કોઈ પણ કરાર વગર પણ
સૌ કોઈ કરારબધ્ધ
પરસ્પર.

ભૂગર્ભનો એક કણ કે
અવકાશમાં ખરતો તારો.
પાણીનું એક બુંદ
કે આંસુનું ટીપું...
બધે બધું જ કરારબધ્ધ
કોઈ હસ્તાક્ષર વગર જ...

બાપુજીની ખાદીની ટોપી
કે મારા એડીડાસના મોંઘા બૂટ,
ક્યાંય કશા સંદર્ભ વગર
જે હોય છે કરારબધ્ધ...
એ જ જાણે
એક સાચો કરાર.

# દડો અને હું

પછાડેલા રબરના દડાની જેમ
હું બે-લગામ દડો.

દડો કોઈ પછાડે
ત્યારે કૂદે
હું તો જાણે પછાડું
ફેંકુ
ઉછાળું
સતત
મને જ...
દડો સાવ રબરનો દડો
હું તો લોહીમાંસનો માળો.

એ કૂદે નક્કર ભોંય પર
હું સાવ ખોખલો
હવામાં આમતેમ
ફંગોળાતો
મસ્તિષ્કના દડાને
સતત ફેંકતો
કશે નહિ...

## આવરણ

બારી પર પડદા પાડેલા છે
તેની પછવાડે
લોખંડની ગ્રીલ, કાચ, લાકડાની ફ્રેમ ને પછી દૂર આકાશ...
એ પછીય તારા નક્ષત્રો તગતગે છે,
–જાણે મને બોલાવી રહ્યાં છે.

આંખ પર ઢાળેલાં છે પોપચાં
એની અંદર તગતગે છે
ગાઢ અંધકાર
ક્યાંક ક્યાંક આંસુના આગિયા
ઝબક્યાં કરે છે
કોઈ નામનું રટણ કરે છે અવિરત.

શરીર પરનાં આજ સુધીનાં વસ્ત્રોનાં પાસમાં
તેની બાદબાકી ને ઉમેરણ
જાણે મને ધક્કો મારે છે કોઈ ગર્તામાં.

હૃદય પર પણ છવાયેલું છે
એક આવરણ
કશુંક ધબકાવી રહ્યું છે...

# બારીથી કોષ સુધી

### આવરણ જ આવરણ...

જાણે હું મને વાંચું છું કાયમ
છેક મૂળસોતુંક
શબ્દની નજર જુવે છે
અને રચે છે એક ચિત્ર
મનના કેનવાસ પર.

# ઢાળ પર...

આજકાલ
જાણે લાગે છે કે
ઢાળ પર જ જીવું છું.
સપાટ ધરતી પર મારી પાની
સઢમાં પવન ભરાય ને હોડી
વહી જાય છે એમ વહી જાય છે
સડસડાટ... દિશાહીન...

વડવાઓ ખેતી કરતાં
સૂરજને પૂજતાં
ને ભોં ખોદતાં
ને પછી વરસાદને સાદ કરતાં
પછી બી રોપી
પરસેવો પાડતાં...

હવે હું
જાણે કોઈ લપસણી ભૂમિ પર
લસરું છું
દૂર દૂર
પૂર્વજોથી સતત દૂર...

લસર્યા જ કરું છું
હવે ઢાળવાળી ધરતી પર
કોઈ હાથ ઝાલનાર નથી
ન સૂરજ
ન ચાંદો
ન કોઈ ઓળો પડછાયો..
એ સૌ જાણે રહી ગયાં છે
કોઈ ભૂલાયેલી ભોં પર...

## કાઢી નાખેલું એક ટાયર

જો કે એ ખૂબ ચાલેલું
ઉબડખાબડ રસ્તાઓ પર
ખાડા ટેકરાઓ વચ્ચે,
બધા આઘાત ઝીલતું ઝીલતું
નિર્વિઘ્ન રાખતું રહ્યું
બધાય પ્રવાસો...

પથ્થરિયા રસ્તે પણ
એણે સાચવ્યું હતું
સમતોલન બરોબર.
એક વાર ખીલી ભોંકાયેલી તોય
ચાલ્યું હતું મક્કમપણે માઇલોના માઇલ...
છતાં કાઢી નંખાયા પછી આ ટાયર
પડ્યું છે સાવ ઉપેક્ષિત
ધૂળિયા રસ્તાના એક ખૂણે,
નનામી પર મૂકેલા કોઈ અજાણ્યા વૃદ્ધની જેમ...

માલિકને ઉતાવળ છે તેનો ઝટ નિકાલ લાવવાની
પણ આજકાલ પસ્તીવાળાય કશો ભાવ આપતા નથી.

ક્યારેક કોઈ એની પર બેસી
ઘડીભર વિસામો લે
ત્યારે એ ભૂલી જતું
કે એ ત્યજાયેલું નકામું એક ટાયર છે.

એક તો વાને એ સાવ કાળું
સૌ કોઈને હવે સાવ નડતું.
વનસ્પતિ પ્રેમીજનો કહેતાં
‘એને કાપી નાના ટૂકડા કરી
અંદર વેલ ઉગાડો’

કોઈ વળી એને
બાળકો માટે ઝૂલો બનાવવા સૂચન કરતું.

એ બધું થવા દેવા તૈયાર હતું
માત્ર પસ્તીવાળાને ત્યાં જવા એ
ઇચ્છતું નહતું.

–પણ અંતે
એની નિયતિ
પસ્તીવાળાની પાસે જ જવાની હતી.
એ ક્યાંથી આવ્યું
કઈ રીતે આવ્યું
ક્યાં ગયું
તેનું શું થયું
એની કોઈને કંઈ જ ખબર નથી.

■

હવે એ પ્રાણરક્ષક ક્યાં હશે?
એના વિચારમાં
હંમેશા હું
ગાડી ધીરે ચલાવું છું.

# કરોડરજ્જુ

આજકાલ
આખેઆખી પ્રજાની
એક મોટી સમસ્યા છે,
કરોડરજ્જુની.
એવા માણસોની સંખ્યા
કૂદકે ને ભૂસકે વધતી જાય છે.

કરોડના મણકાની વચ્ચે
નર્યું પોલાણ લાગે છે પોલાણ,
જ્ઞાનતંતુ તો કહેવા પૂરતાં
પણ નથી રહ્યો કોઈ તંતુ
જમીન અને અવકાશ વચ્ચે.

સમસ્યા તો એ છે
આખી પ્રજામાં હવે ભાગ્યે કોઈ
ચાલે છે ટટાર.

એક સમયે ખાદી પહેરેલાં ઘરડાં બા-બાપુ
સદા ટટ્ટાર રહેતાં
સમય જતાં
હવે તો મનેય કોઈ ટેકા વગર ફાવતું નથી.
બધેબધાં
જાણે સાવ વળી ગયાં છે.

જો કે એક્સ-રેમાં કોઈ સમસ્યા દેખાતી નથી.
પણ હવે માથું ઊંચું કરી કોઈ
કશું જોઈ શકતું નથી.

ઘણા સમય પહેલાં
ડાયનાસોરની પ્રચંડ કરોડરજ્જુ
જોઈને નર્યો આઘાત લાગેલો.

હવે તો જાણે પૂંછડુંય
ટટ્ટાર રહેતું નથી.

# અંધારાની આરપાર

નિરંતર
દરરોજ મધરાતે
હું અંધારું ઊલેચું છું.
ક્યારેક આંસુની આંખે
ક્યારેક ચંદ્રના અજવાળાની નજરે.
ઘણી વાર સપનામાં...
ઘણી વાર તંદ્રામાં...
પણ, નથી બહારનું અંધારું ઘટતું
કે નથી અંદરનું.
માત્ર, અંધારાની આ ઊથલપાથલમાં
જાગતું રહે છે કોઈક, મારી જાણ બહાર
નિરંતર...

■

અચાનક
અડધી રાતે
આંખ ખોલીને જોઉં છું તો–
અંધારું ઓઢીને સૂતું છે
આખું જગત.

વૃક્ષો જાણે મૂળમાં સરી ગયાં છે!
જંતુઓ દર બની ગયાં છે!

પશુઓ અંધારું વાગોળતાં
ઘડીભર સ્થિર થઈ ગયાં છે!
પક્ષીઓ માળો બની ગયાં છે!

ના કોઈ અજવાળું
ન કોઈ સંચાર...
બારી બહાર ફૂટપાથ પર સૂતાં લોકોય
અંધારાની ચાદર બની
ઓગળી ગયાં છે ફૂટપાથમાં.
જાણે ઓગળી ગયું છે સર્વસર્વા
ને ખુલ્લાં છે માત્ર પોપચાં
અંધારાનાં.

■